To stay (સ્ટે) રહેવાને.

Air (એઅર) હવા.
Will make well=સારો કરશે.
It will make Rangoo well=તેથી રંગુ સારો થશે.
At first (ઍટ ફર્સ્ટ) પહેલાં.
Stayed (સ્ટેઇડ) રહેતો.
Soon (સુન) થોડીવારમાં.
Strong (સ્ટ્રૉન્ગ) મજબુત.
Grew strong and well=મજબુત અને સારો થયો.
Went out for a walk=ફરવા ગયા.
Fine (ફાઇન) સુંદર; રળીયામણો.
It is just six o'clock=હમણાં છ વાગ્યા છે.
Come out for a walk with me=મારી સાથે ફરવા ચાલો.
It will do you good=તેથી તમને ફાયદો થશે.
Put on=પહેરો.
Shoes (શુઝ) જોડા.
(I) Thank you (થૅન્ક) હું તમારો આભાર માનું છું.
Here I am=હું આ રહ્યો.
Quite ready=તદ્દન તૈયાર.
Where shall we go=આપણે કયાં જઇશું.

Will take=લઈ જઈશ.
Along the road (અલૉન્ગ ધ રોડ) રસ્તા પર.
Road (રોડ) રસ્તો.
Will walk=ફરીશું.
Across (એક્રોસ) એક બાજુથી બીજી બાજુ સુધી; પેલે પાર.
Across the field=ખેતરને પેલે [પાર.
Tank (ટૅન્ક) તળાવ.
To the tank=તળાવ સુધી.
Then we will come back=ત્યારપછી આપણે પાછા ફરીશું.
Back (બૅક) પાછા.
An hour (આવર) કલાક.
This will take us an hour =એ આપણો એક કલાક લેશે.
It will then be getting hot=ત્યારે પડવા માંડશે.
Cool (કૂલ) ઠંડી.
Now it is quite cool=હમણા છેક ઠંડી છે.
Has not risen=ઉગ્યો નથી.
What a fine large tree that is=પેલું કેવું સુંદર ને મોટું ઝાડ છે. [ઝાડ.
Mango tree (મૅન્ગો ટ્રી) આંબાનું
Mangoes (મૅન્ગોઝ) કેરીઓ.
This is not the time=આ કેરીનો વખત નથી.
We shall not get=આપણને મળશે નહીં.
Till June=જુન સુધી.
July (જુલાઇ) મહીનાનું નામ છે.
Ugly (અગ્લિ) કદરૂપું; બેડોળ.
Black (બ્લૅક) કાળું.
Flying (ફ્લાઇંગ) ઉડતું.
Past (પાસ્ટ) પાસે થઇને.
That is not a bird=તે પક્ષી નથી.
Bat (બૅટ) ચામાચેણુ.
It looks=તે દેખાય છે.
Mouse (માઉસ) ઉંદર.
Wings (વિન્ગ્ઝ) પાંખો.
It sleeps (સ્લીપ્સ) તે ઉંઘે છે.
Owl (આઉલ) ઘુવડ.
It flies (ફ્લાઇઝ) તે ઉડે છે.
About=આમતેમ.
At night=રાત્રે.
It is flying home (ફ્લાઇંગ) તે ઘરભણી ઉડે છે.
Hole (હોલ) દર.
To its hole=પોતાના દર તરફ.
Old wall=જુની દીવાલ. [ચીજ.
Something (સમથિંગ) કંઈ

Monkey (મન્કિ) વાંદરો.
Must be=હોવા જોઇએ.
It was not=તે નહોતો.
He is holding on=તે પકડી રાખે છે.
Branch (બ્રન્ચ) ડાળી.
Left hand=ડાબો હાથ.
Is holding=ધરે છે.
Over his back (બૅક) પોતાની પીઠ ઉપર. [જાતનો.
Hanooman (હનુમાન) હનુમાન
Sounds (સાઉન્ડ્ઝ) અવાજ.
Wheels (વ્હીલ્ઝ) પૈડાં.
Carriage (કૅરેજ) ગાડી.
Here is=આ રહી.
Coming=આવતી.
Let us go=ચાલો આપણે જઇએ.
On one side=એક બાજુએ.
Rajah (રાજા) રાજા.
Drive (ડ્રાઇવ) ફરવા જવું તે.
Let us cross=ચાલો આપણે ઓળંગીએ.
Beautiful (બ્યૂટિફુલ) સુંદર.
Before (બિફોર) અગાઉ.
Pea-cock (પી કૉક) મોર.
Green (ગ્રીન) લીલું.
Gold (ગોલ્ડ) સોનેરી.

Close to=પાસે.
Grain (ગ્રેઇન) દાણા; અનાજ.
Tame (ટેઇમ) હળીગયેલું; પાળેલું.
Hul-lo (હલૂ) અલ્યા ! હ ?
What's the matter=શું છે ?
Why are you pulling (પુલિંગ) તમે શા માટે ખેંચો છો ?
Quick (ક્વિક) જલદી. [નથી ?
Don't you see=શું તું જોતો
Snake (સ્નેઇક) સાપ.
Back (બૅક) પાછા.
Hissed (હિસ્ડ) ફુંફાડા મારતો
Nearly=ઘણું કરીને. [હતો.
Put (પુટ) મુક્યો.
Angry (ઍંગ્રિ) ગુસ્સે.
It is holding (હોલ્ડિંગ) તે ધરે છે.
Cobra (કોબ્રા) અજગર, નાગ.
If it bit you (બિટ) જો તે તને કરડ્યો હોત તો.
You would die=તું મરી જાત.
Could save (સેઇવ) બચાવી શકત.
Snake-king (સ્નેઇક કિંગ) સાપનો રાજા.
Keep far away=દૂર રહો.
Hole (હોલ) દર.
Every one=દરેક જણ.
Is afraid of it=તેનાથી બ્હીએ છે.

Pulled (પુલ્ડ) ખેંચ્યો.
Safe (સેઇફ) સહીસલામત.
Next (નેક્સ્ટ) પાસેના.
Good-bye (ગુડબાય) સાહેબજી.
Doyou know=શું તમે જાણો છો?
It runs away=તે દોડી જાય છે.
That is why=તે કારણથી.
Still (સ્ટિલ) ગુપચુપ.
Hare (હેઅર) સસલું.
Ears (ઇઅર્ઝ) કાનો.
The dogs try to catch it=કુતરા તેને પકડવાની કોશીશ કરે છે.
But they never can (catch)=પણ તેઓ કદી પકડી શકતા નથી.
Too fast=જોઇએ તે કરતાં જલદી
Walking along the field =ખેતરમાં થઇ ચાલી આવતો.
Narsoo (નરસુ) નામ છે.
Farmer (ફાર્મર) ખેડુત.
To plough=(પ્લાઉ) ખેડવું.
He is taking=તે લઇ જાય છે.
Oxen (ઑક્સન) બળદો.
Early (અર્લિ) વહેલું.
Let us go back now= ચાલો હમણાં આપણે પાછા જઇએ.

Another way-બીજે રસ્તે.
We have had quite a long walk=આપણે બહુ દૂર ફરવા આવ્યા છીએ.
Beast (બીસ્ટ) જનાવર; પશુ.
Standing (સ્ટૅન્ડિંગ) ઉભેલું.
Shall we run away=શું આપણે દોડી જઇશું?
Elephant ઍલિફન્ટ) હાથી.
Strong (સ્ટ્રૅન્ગ) જોરાવર.
Quite (ક્વાઇટ) છેક; તદન.
Tame (ટેઇમ) હળી ગયેલું.
To hurt (હર્ટ) ઇજા કરવી.
Will not hurt=ઇજા કરશે નહીં.
Hanging down (હૅંગિન્ગ) નીચે લટકતી.
In front of his face=તેના મ્હોં સામે.
Nose (નોઝ) નાક.
Trunk (ટ્રન્ક) સુંઢ.
As well=વળી.
Can pick up (પિક) ઉંચકી શકે છે.
He feeds (ફીડ્ઝ) તે ખવડાવે છે.
Himself (હિમસેલ્ફ) પોતાને; પોતાની જાતને.
Plantains (પ્લૅન્ટેઇન્સ) કેળાં.
Now let us go home= હવે ચાલો આપણે ઘેર જઇએ.

29. The Sun.

The sun (સન) સૂર્ય.
The moon (મૂન) ચંદ્રમા
The sun and the moon have=સૂર્ય અને ચંદ્રને હોય છે.
Shape (શેઇપ) ઘાટ; આકાર.
Ball (બૉલ) દડો.
Ball of fire=અગ્નિનો ગોળો.
If there were no sun=જો સુરજ ન હોત તો.
Things (થિંગ્સ) વસ્તુઓ.
Would be=થઇ જાત.
Dark (ડાર્ક) અંધારી.
Cold (કોલ્ડ) ઠંડી.
Plants (પ્લૅન્ટ્) છોડવા.
Could grow (ગ્રો) ઉગી શકત.
Would die=નાશ પામત.
Are far off from us=આપણાથી ઘણે દુર છે.
Wide (વાઇડ) વિસ્તારવાળા.
Plain (પ્લેઇન) મેદાન. પહોળા.
Shines (શાઇન્સ) પ્રકાશે છે.
By night=રાત્રે.
Light (લાઇટ) અજવાળુ.
Bright (બ્રાઇટ) ચકચકિત; પ્રકાશિત.
Is not so bright as the sun=સૂર્ય જેટલો પ્રકાશીત છે તેટલો તે નથી.
Of its own=પોતાનું.
The moon has no light of its own = ચંદ્રને પોતાનું અજવાળું નથી.
They seem=તેઓ જણુ ય છે.

---

30 Boys.

છોકરાઓ.

Good (ગુડ) સારો.
Truth (ટ્રુથ) સાચું; સત્ય.
Wise (વાઇઝ) ડાહ્યો.
Lessons (લેસન્સ) પાઠો.
Well (વેલ) સારી રીતે.
Brave (બ્રેવ) બહાદુર.
Lie (લાઇ) જુઠું.
To tell a lie=જુઠું બોલવું.
Will not tell a lie=જુઠું બોલશે નહિ. [છોકરો.
The strong (સ્ટ્રૉન્ગ) જબરો
To help (હેલ્પ) મદદ કરવાને.
The weak (વીક) નબળા માણસો.
Will try (ટ્રાઇ) યત્ન કરશે.
Loving (લવિંગ) પ્રેમાળ.
The loving boy obeys his mother (ઓબેઝ) પ્રેમાળ છોકરો પોતાની માનું કહ્યું માને
To obey=નું કહ્યું માનવું. [છે.

Kind (કાઇન્ડ) માયાળુ.
Helps (હેલ્પ્સ) મદદ કરે છે.
The boy who wishes (ઉવિશિઝ) જે છોકરો ઇચ્છે છે તે.
To be a good man=સારો માણસ થવાને.
Will begin (બિગિન) શરૂ કરશે.
All that he can=જે બધું પોતે કરી શકે તે.

Colours.

રંગો.

Colours (કલર્સ) રંગો.
Grass (ગ્રાસ) ઘાસ.
Green (ગ્રીન) લીલું.
Blue (બ્લ્યુ) આસમાની રંગનું.
Dew (ડ્યુ) ઝાકળ.
Gold (ગોલ્ડ) સોનું.
Yellow (યલો) પીળું.
Silver (સિલ્વર) રૂપું.
White (ઉવ્હાઇટ) સફેદ; ધોળું.
Iron (આયર્ન) લોઢું.
Heavy (હેવિ) ભારે.
Feathers (ફેધર્સ) પીછાં.
Light (લાઇટ) હલકાં.
Rubies (રૂબિઝ) માણેક.
Red (રેડ) રાતું.
Diamonds (ડાયમન્ડ્ઝ) હીરા.
Copper (કૉપર) ત્રાંબુ.
Brown (બ્રાઉન) ભુખરા રંગનું.
Steel (સ્ટીલ) ગજવેલ.
Grey (ગ્રે) ધોળા રંગનું; ભૂરૂં.
At break of day=પ્હો ફાટતાં.

---

31 Flowers and Leaves.

ફુલને પાંદડાં.

Bunch (બન્ચ) ઝુમખો.
Flowers (ફ્લાવર્સ) ફુલો.
Leaves (લીવ્ઝ) પાંદડાં.
Buds (બડ્ઝ) કળીઓ.
Pretty (પ્રિટિ) સુંદર.
Roses (રોઝિઝ) ગુલાબના ફુલો.
Queen (ક્વીન) રાણી.
Roses smell (સ્મેલ) ગુલાબનાં ફુલો વાસ આપે છે.
Sweet (સ્વીટ) મીઠી.
Will get=થશે.
Bigger (બિગર) વધારે મ્હોટા.
To open (ઓપન) ખોલવું; ઉઘડવું.
Will open=ખીલશે.
Drops (ડ્રૉપ્સ) ટીપાં.

32. Little Boy's Good-night.

નાના છોકરાની રાતની સલામ.

No longer (નો (લૉન્ગર) વધારે વાર નહિ.

Light (લાઇટ) અજવાળું.

Stars (સ્ટાર્સ) તારાઓ.

The stars begin (બિગિન) તારાઓ શરૂ કરે છે.

To peep (પીપ) ડોકિયાં કરવું.

It is time to say (ઇટ ઇઝ ટાઇમ ટુ સે) કહેવાનો વખત થયો છે.

Good-night (ગુડ નાઇટ) રાતની સલામ

Birds (બર્ડ્ઝ) પક્ષીઓ.

Are asleep (અૅસ્લીપ) ઉંઘે છે.

Darling (ડાર્લિંગ) વ્હાલા.

Sleep (સ્લીપ) ઉંઘો.

Well (વેલ) સારી રીતે.

Till morning light=સવારનું અજવાળું થાય ત્યાં સુધી.

I'm sure (આઇમ શ્યુર) મારી ખાત્રી છે.

If you could sing in words=જો તમે શબ્દોમાં ગાઈ શકત.

You would have said= તમે કહ્યું હોત.

Who shine (શાઇન) જેઓ પ્રકાશે છે.

You cannot go to sleep =તમે ઉંઘી શકતા નથી.

Awake (અવેઇક) જાગ્રત; જાગતા;.

Keep awake=જાગતા રહો.

Dear (ડીયર) વ્હાલા.

Kiss (કિસ) ચુમી લ્યો.

Son (સન) દીકરો.

Far and near=દૂરના અને નજદીકના.

આપણી નિશાળ.

ગોવિંદ સોમવારે સવારે નિશાળે જતો હતો. ગોપાળ તેને મળવાને તે વખતે અંદર આવ્યો. ગોપાળ તેનો મિત્ર છે. તે પાસેના ઘરમાં રહે છે.

ગોપાળ—સાહેબજી, ગોવિંદ. તમે નિશાળે જાઓ છો ?

ગોવિંદ—સાહેબજી, ગોપાળ, હા, જવાનો વખત થયો છે. હું હમણાંજ નીકળું છું.

ગોપાળ—મને તમારી સાથે તેડી જશો ? મારા પિતાજીએ મને તમારી નિશાળે જવાનું કહ્યું. હું તમારી સાથે આવું ?

ગોવિંદ—અરે હા ! ચાલો. હું તમને મારી સાથે લઈ જઈશ. જુઓ ! મારા વર્ગના ઓરડાનું ચિત્ર આ રહ્યું. અમારી નિશાળના કારકુને તે પાડયું હતું.

ગોપાળ—કેવું સારૂં ચિત્ર છે ! હું તમને તેમાં જોઉં છું. ત્રણ છોકરા સાથે મેજ ઉપર તમે ત્યાં બેઠા છો.

ગોવિંદ—તે મેજ નથી. તે ઢળતું મેજ છે. ત્યાં હું ને બીજા ત્રણ છોકરા એક પાટલી પર બેઠા છીએ અને ઢળતું મેજ અમારી આગળ છે. અમારી સ્લેટ તેના પર પડેલી છે. અમારી પછવાડે બીજું ઢળતું મેજ છે અને બીજા ચાર છોકરા તેના પર બેઠા છે. તમે તેમને ચિત્રમાં જોઈ શકતા નથી. તે ઘણું નાનું છે. પણ તમે એક છોકરાને જોઈ શકો છો.

ગોપાળ—પેલા ઉંચા ઉભેલા સદ્‌ગૃહસ્થ કોણ છે ? તેણે પાઘડી પહેરેલી છે.

ગોવિંદ—એ અમારા વર્ગના શિક્ષક છે.

ગોપાળ—એ શું કરે છે ?

ગોવિંદ—એ અમને શીખવે છે. તેનો ડાબો હાથ પૃથ્વીના ગોળાપર છે. તેની આંગળી હિંદુસ્તાન બતાવે છે. તે કહે છે કે છોકરાઓ, આ હિંદુસ્તાન છે, આ આપણો દેશ છે. પૃથ્વીને જેવો આકાર છે તેવો તે ગોળાને છે. તે ગોળ છે. તે એક ઉંચા લાકડાના ઘોડા ઉપર છે. તેની પાસે અમારા મહેતાજીનું મેજ છે.

ગોપાળ—દીવાલ ઉપર પેલાં ચિત્ર કયાં છે?

ગોવિંદ—તે નકશા છે. એક ઈંગ્લાંડનો નકશો છે. બીજો હિંદુસ્તાનનો નકશો છે. જ્યારે તમે નિશાળે આવશો ત્યારે હું તમને વર્ગમાંની બધી ચીજો બતાવીશ. ચાલો હવે આપણે જઈએ, નહિતો આપણે મોડા થઈએ. સત્રનો આ પહેલો દીવસ છે. આજે નિશાળ ઉઘડે છે. ઘણા છોકરા આવશે, તમે તમારી જુની નિશાળ છોડી દીધી છે?

ગોપાળ—હા, તેઓ ત્યાં અંગ્રેજી શીખવતા નથી.-મારે અંગ્રેજી ભણવું છે.

ગોવિંદ—પણ તમે અંગ્રેજીમાં વાત કરી શકો છો. તમને વાત કરતાં કોણે શીખવ્યું? તમે અંગ્રેજી લખી તથા વાંચી પણ શકો છો?

ગોપાળ—મારા બાપા અંગ્રેજી સારૂં જાણે છે. તેણે મને વાત કરતાં શીખવ્યું. તેણે કહ્યું, પહેલાં વાત કરતાં શીખ, પછી વાંચતાં શીખ અને પછી લખતાં શીખ. શીખવા માટે એ ઉત્તમ રસ્તો છે.

ગોવિંદ—તમે અંગ્રેજી ઘણું સારૂં બોલો છો. તમને વાંચવાનું અને લખવાનું ઘણું સહેલું લાગશે.

ગોપાળ—નિશાળમાં હું કઈ ચોપડી ભણીશ?

ગોવિંદ—તમે પહેલી પ્રાયમર-બાળપોથી-ભણશો.

ગોપાળ—જ્યારે હું મુખ્ય શિક્ષક અને મારા વર્ગ શિક્ષક સાથે વાત કરૂં ત્યારે મારે તેમને શું કહીને બોલાવવા?

ગોવિંદ—તમારે દરેક શિક્ષકને 'સાહેબ' કહેવું.

ગોપાળ—શું તમારી નિશાળમાં છોકરા રમે છે?

ગોવિંદ—અરે હા! અમે ઘણી રમત રમીએ છીએ. અમે નિશાળમાં સખત કામ કરીએ છીએ, અને જ્યારે નિશાળમાંથી છુટી મળે છે ત્યારે રમીએ છીએ. હમે એકી વખતે એક વસ્તુ કરીએ છીએ અને તે સારી કરીએ છીએ.

ગોપાળ—મારા ભાઈએ મને ગઈ કાલે એક નવો દડો આપ્યો. તે મારી પાસે ઘેર આગળ છે. હું તે વતી આજ સાંજે રમીશ.

(૨) એક્કી વખતે એક ચીજ.

ગોપાળ નિશાળે ગયો.

ગોવિંદ તેને મુખ્ય શિક્ષક પાસે લઈ ગયો.

તેણે તેને કહ્યું, તમે તમારા બાપાનો કાગળ લાવ્યા છો ?

ગોપાળે કહ્યું. ના સાહેબ, પણ હું ઘેર જઇને તે લઈ આવીશ. તેથી તે ઘેર ગયો. તેના બાપે તેને મુખ્ય શિક્ષક ઉપર કાગળ આપ્યો.

મુખ્ય શિક્ષકે તે વાંચ્યો ને તેને એક વર્ગમાં બેસાડયો. સાંજે તે ઘેર ગયો. તેણે નિશાળમાં આખો દિવસ કામ કર્યું હતું. તેણે પોતાના જોડા કાઢી નાંખ્યા ને ગોતાનો નવો દડો લઇને વાડીમાં દોડી ગયો. ત્યાં તે જ્યાં સુધી થાકી ગયો ત્યાં સુધી રમ્યો.

કામ કરતા હો ત્યારે કામ કરો, રમતા હો ત્યારે રમો. હું કહું છું કે તે સુખી થવાનો રસ્તો છે.

જે સઘળું તમે કરો તે તમારા બળથી કરો.

કટકે કટકે કરેલી ચીજો કદી બરાબર થતી નથી.

જેમ ઘણાં કહે છે તેમ એકકી વખતે એક ચીજ કરવી ને તે સારી કરવી એ ઘણો સારો નિયમ છે.

(૩) શાહેનશાહ.

બાપા—મારા છોકરા, અહિંઆ આવ. આ ચિત્ર તરફ જો.

છોકરો—બાપા, આ સદ્‌ગૃહસ્થ કોણ છે ?

બાપા—મારા છોકરા, આ શહેનશાહનું ચિત્ર છે ?

છોકરો—બાપા, એનું નામ શું છે ?

બાપા—એનું નામ જ્યૉર્જ છે. આપણે એને પાંચમાં જ્યૉર્જ કહીએ છીએ. એ ગ્રેટબ્રિટન ને આયર્લાંડના રાજા અને હિંદુસ્તાનના શાહેનશાહ છે.

છોકરો—આપણે એને પાંચમા જ્યૉર્જ કેમ કહીએ છીએ ?

બાપા—એ નામના એ પાંચમા રાજા છે. ઘણા વખત પહેલાં ઇંગ્લાંડમાં જ્યૉર્જ નામના બીજા રાજાઓ થઈ ગયા છે. આપણા રાજા પાંચમા જ્યૉર્જ છે.

છોકરો—બાપા, એ મોટા રાજા છે ?

બાપા—હા, મારા દીકરા, એ આખી દુનિયામાં સૌથી મોટા રાજા છે. અગાઉ થઈ ગયેલા કોઈ પણ રાજા કરતાં એ વધારે માણસ પર રાજ્ય કરે છે.

છોકરો—બાપા, એ ક્યાં રહે છે ?

બાપા—એ ઇંગ્લાંડમાં રહે છે. એ એનો સ્વદેશ છે.

છોકરો—એ કદી હિંદુસ્તાનમાં આવે છે ?

બાપા—હા, એ હિંદુસ્તાનમાં બે વખત આવી ગયા છે.

છોકરો—એ માયાળુ ને ભલા છે ?

બાપા—અરે હા, મારા વહાલા દીકરા. એ દરેક જણ તરફ માયાળુ ને ભલા છે. એ પોતાની રૈયતને ચાહે છે. જ્યારે તે સુખી હોય છે ત્યારે એ ખુશી થાય છે.

છોકરો—બાપા, શું એની સઘળી રૈયત (લોકો) એને ચાહે છે ?

બાપા—હા, એની સઘળી રૈયત એને ચાહે છે.

છોકરો—તેઓ શા માટે એને ચાહે છે ?

બાપા—તેઓ એને ચાહે છે કેમકે એ તેમને ચાહે છે. તેઓ જાણે છે કે એ તમને ચાહે છે. તેઓ જાણે છે કે એ માયાળુ અને ભલા છે. એ તેમની સંભાળ લે છે. એ તેમને સંકટમાંથી બચાવે છે. મારા દીકરા, તારે પણ એને ચાહવા જોઈએ. એ તારા રાજા છે.

છોકરો—મારા રાજા માટે હું કાંઈ કરી શકું ?

બાપા—હા, મારા દીકરા ! તું એનું કલ્યાણ કરવાને પરમેશ્વરની પ્રાર્થના કરી શકે. એની સંભાળ લેવાનું અને એને સહીસલામત ને સુખી રાખવાનું ઇશ્વર પાસે માગ.

હે ઇશ્વિર ! અમારા રાજા મોટા જ્યોર્જનું રક્ષણ કરો.
અમારા ઉમદા રાજા ઘણું જીવો.
ઇશ્વર રાજાનું રક્ષણ કરો.

(૪) રોમન આંકડા.

બાપા—વારૂ, ગોપાળ, તું એક મહિનો થયાં તારી નવી નિશાળે જાય છે. તને તે કેવી ગમે છે ?

ગોપાળ—અરે બાપા ! મને તે ઘણીજ ગમે છે. મારા શિક્ષક મારા તરફ ને બીજા છોકરાઓ તરફ ઘણા માયાળુ છે. હું દરરોજ કાંઈ નવું શીખું છું.

બાપા—તું દરરોજ કાંઈ નવું શીખે છે. ખરૂંને ? આજ તું શું શીખ્યો ?

ગોપાળ—હમે રોમન આંકડા વિષે બધું શીખ્યા.

બાપા—રોમન આંકડા ! આંકડા શું છે તે તું જાણે છે ?

ગોપાળ—અરે હા, તમે મને તે ઘણા વખત ઉપર શીખવ્યું હતું. આંકડો એ સંખ્યાની નિશાની છે. હમારા શિક્ષક કહે છે કે આંકડાનું બીજું નામ આંક છે. દરેક સંખ્યાનો આંકડો હોય છે.

બાપા—તું શું જાણે છે તે મને જોવા દે. તારી સ્લેટ મને આપ. હું તેનાપર એક, બે, ત્રણ, ચાર સંખ્યા લખી લઇશ. હવે તેની પાસે દરેક સંખ્યા માટે આંકડા અથવા આંક લખ.

ગોપાળ—અરે હા, બાપા ! હું તે કરી શકું છું. આ રહી સ્લેટ ને આ રહ્યા આંકડા.

બાપા—હા. તે તદ્દન ખરા છે. તું યાદ રાખે છે તે જોઇને હું ખુશી થયો છું. મને લાગે છે કે તું તારી જુની નિશાળમાં બધી સંખ્યા શીખ્યો હતો, શું તું શીખ્યો નહોતો ?

ગોપાળ—હા, હું સંખ્યા શીખ્યો હતો, પણ તેના અંગ્રેજી નામ શીખ્યો નહોતો. તમે મને તે શીખવ્યું. અને તે સંખ્યાના નામની જોડણી કેમ કરવી તે હું શીખ્યો નહોતો. મારી નવી નિશાળમાં હું તે શીખ્યો.

બાપા—વારૂ, તું આ નિશાનીને રોમન આંકડા કહે છે ?

ગોપાળ—અરે ના ! આંકડા લખવાની એ રીત છે. પહેલાં હું આ રીત શીખ્યો. પણ હમારા શિક્ષકે આજે મને બીજી રીત શીખવી.

બાપા—પણ તું આ રોમન આંકડા આજે લખી શકે છે ?

ગોપાળ—મને તે હજી બરાબર લખતાં આવડતું નથી. પણ મારા શિક્ષકે મને એક નાનું પાનું અપ્યું. તેણે વર્ગમાંના દરેક છોકરાને એકેક આપ્યું. તેણે મને કહ્યું, ગોપાળ, આ પાનું તું ઘેર લઈ જજે. તેના પર એકથી બાર સુધીની સંખ્યા છે, અને તેના પર સાધારણ આંકડા ને રોમન આંકડા છે, તું ઘર આગળ લખતાં શીખજે.

બાપા—ગોપાળ, પેલું પાનું કયાં છે ?

ગોપાળ—બાપા, તે મારી પાસે ગજવામાં છે. તે આ રહ્યું.

બાપા—હા, આ ઘણું સારૂં પાનું છે. તું આ આંકડા હમણાં શીખવાનો છે ?

ગોપાળ—ના, બાપા, મારે હમણાં રમવું છે. એક કલાક સુધી હું વાડીમાં રમીશ. ત્યાર પછી હું આ આંકડા લખતાં શીખીશ.

બાપા—અરે ! તારા શિક્ષકે તને રમવાનું પણ કહ્યું ?

ગોપાળ—હા, હમારા શિક્ષકે કહ્યું, છોકરાઓ, જ્યારે દરરોજ તમે નિશાળેથી ઘેર જાઓ ત્યારે રમજો, અથવા ફરવા જજો, અથવા આમ તેમ દોડજો. એથી તમે મજબુત થશો, ને તમે તંદુરસ્ત રહેશો.

બાપા—એ તદ્દન સાચું છે. પણ ગોપાળ, તું હવે ચાલ્યો જા, ને રમ. કાલ સવારે મારી પાસે આવજે અને તને રોમન આંકડા આવડે છે કે નહિ તે મને જોવા દેજે.

ઠંડો પવન વાય છે, ઊંડી નદી વહે છે, સફેદ ગાય બરાડે છે, લીલું ઘાસ ઉગે છે, સુંદર પક્ષીઓ ગાય છે. નિશાળનો ઘંટ વાગે છે, મોટા છોકરાઓ વાત કરે છે, નાના છોકરાઓ નિશાળમાં ચાલે છે.

(૫) શાહેનશાહબાનુ.

આ ગ્રેટબ્રિટન ને આયર્લાંડની રાણી અને હિંદુસ્તાનની શાહેન-શાહબાનુ મેરી છે. તે જ્યોર્જ રાજાની સ્ત્રી છે. તે પોતાના ધણી સાથે ઇંગ્લાંડમાં રહે છે. તેનો વડો છોકરો ઍડવર્ડ પ્રિન્સ ઑફ (વેલ્સનો શાહજાદો) છે.

પરમેશ્વર અમારી રાણીનું રક્ષણ કરો.

(૬) ઘડીયાળ.

ગોપાળ—સવારની સલામ બાપા! મને હવે રોમન આંકડા આવડે છે. હું તે ગઇ રાત્રે શીખ્યો, ને આજ સવારે હું તેને ફરીથી જોઇ ગયો. હું હમણાં વાંચી શકું છું.

બાપા—મારા દીકરા, એ ખરૂં છે. તે સાંભળીને હું ખુશી થયો છું. હવે અહીંઆ આવ ને મારી ઘડીયાળ સામે જો. તેના પર કોઇ રોમન આંકડો તું જોઇ શકે છે?

ગોપાળ—હા, જે આંકડા હું શીખ્યો તેજ હું જોઉં છું. એકથી બાર સુધી આ રહ્યા. તે ઘડીયાળમાં બધે ફરતા છે.

બાપા—તેં ગઈ કાલે નિશાળમાં કોઇ ઠેકાણે તે જોયા હતા?

ગોપાળ—અમારા શિક્ષકે કાળા પાટિયાં પર તે લખ્યા હતા ને મે તે પાનામાં જોયા. મેં બીજે કોઇ ઠેકાણે જોયા નહિ.

બાપા—ફરીથી વિચાર કર. નિશાળમાં મોટું ઘડીયાળ છે?

ગોપાળ—અરે હા! હવે મને ખબર પડી. મેં આ આંકડા મોટા ઘડીઆળમાં જોયા હતા પણ તે શું છે તે હું જાણતો નહોતો.

બાપા— મોટું ઘડીઆળ નાના ઘડીઆળ જેવુંજ છે. પણ ઘડીયાળ મોટું ને ભારે હોય છે. નાનું ઘડીઆળ ઘણું નાનું હોય છે. તું જો, હું મારૂં નાનું ઘડીઆળ મારા ગજવામાં મુકું છું. મોટા ઘડીઆળ ને નાના ઘડીઆળના ચંદા પર એકજ જાતાનાં ચિહ્નો હોય છે.

ગોપાળ—બાપા, તે નિશાનિ વિષે તમે મને બધું મહેરબાની કરી કહેશો?

બાપા—મારી ઘડીઆળ સામે જો. તેમાં તેની બધે ફરતી લીટી છે. એ લીટીને આપણે કુંડાળું કહીએ છીએ, તેની નીચે બીજું નાનું કુંડાળું તું જોશે. આ દરેક કુંડાળામાં સાઠ કાળી નિશાની અથવા ટપકાં છે. જો તારી મરજી હોય તો તે ગણી જો. પ્રયત્ન કર.

ગોપાળ—મોટાં કુંડાળાનાં ટપકાં હું ગણી શકતો નથી, પણ હું નાના કુંડાળામાં ટપકાં ભાગ્યેજ જોઇ શકું છું. તે ઘણાં નાનાં છે.

બાપા—ઘડીઆળમાં કાંઇ હાલતું તું જોઇ શકે છે ?

ગોપાળ—સોયના જેવી દેખાતી ત્રણ નાની કાળી ચીજ હું જોઇ શકું છું. એક ઘણી નાની છે. જે નાના કુંડાળાની આસપાસ ઘણી ઝડપથી ફરે છે. એક લાંબી સોય છે જે મોટા કુંડાળાની આસપાસ ઘણી ધીમે ધીમે ચાલે છે. વળી ત્રીજી સોય છે. તે બીલકુલ ફરતી નથી.

બાપા—આ ત્રણ સોય ઘડીઆળના કાંટા છે.

ગોપાળ—બાપા, તે કાંટા કેમ કહેવાય છે ?

બાપા—તે કાંટા કહેવાય છે કેમકે કુંડાળામાંની કાળી નિશાનીઓને બતાવે છે. જે નાનો કાંટો આટલી ઝડપથી દોડે છે તે સેકન્ડ કાંટો છે. ત્રણમાંનો સૌથી લાંબો કાંટો મીનીટ કાંટો છે. તું તેને હમણાં ફરતો જોઈ શકે છે. ત્રીજો કલાક કાંટો છે. તે પણ ફરે છે. પણ તે એટલો ધીમે ફરે છે કે તું તેને ફરતો જોઈ શકતો નથી.

ગોપાળ—હું સમજુ છું, હું સમજું છું. બાપા તમારી ઘડીઆળ વિષે તમે મને કાંઈ વધારે કહી શકશો ?

બાપા—મારા દીકરા, હમણાં નહિ. તારી મા તને બોલાવતી હોય એમ મને સંભળાય છે. નાસ્તો તૈયાર થયો છે. નાસ્તો કરવા દોડ.

જ્યારે તું આજે નિશાળે હોય ત્યારે વખતનું કોષ્ટક શીખજે. કાલ સવારે મારી પાસે આવજે ને હું તને ઘડીઆળ વિષે વધારે કહીશ.

(૭) પ્રિન્સ ઑફ વેલ્સ.

બાપા—ગઇ કાલે મેં તને શહેનશાહ પાંચમા જ્યૉર્જનું ચિત્ર બતાવ્યું હતું. આ એક બીજું ચિત્ર છે. તેં તે અગાઉ જોયુ છે ?

છોકરો—હા, બાપા; તે આ ચોપડીના પુંઠાં પર છે.

બાપા—તે કોણ છે તે તું જાણે છે ?

છોકરો—ના તે કોણ છે ? મહેરબાની કરી મને કહો.

બાપા—આ વેલ્સના શાહજાદા ઍડવર્ડ છે. એ રાજાના સૌથી મોટા દીકરા છે. જો ઇશ્વરની મરજી હશે તો તે એક દિવસ રાજા થશે. હાલ તે કુંવર છે. તેની સંભાળ લેવાને આપણે પરમેશ્વરની પ્રાર્થના કરવી જોઇએ.

ઇશ્વર પ્રિન્સ ઑફ વેલ્સનું કલ્યાણ કરો.

(૮) ઘડીઆળ (ચાલુ)

ગોપાળ—બાપા, હું આ રહ્યો, તમે (મને) કહ્યું હતું કે આજ સવારે મારાં ઘડિયાળ વિષે તને હું વધારે કહીશ.

બાપા—બહુ સારૂ, મારા દીકરા. મને યાદ છે. પણ મેં તને કાંઇ કરવાનું કહ્યું હતું. તને તે યાદ છે ?

ગોપાળ—હા, બાપા, ખરેખર મને યાદ છે. મને વખત વિષે હવે બધું આવડે છે. ગઇ કાલે તે કોઇક હું શીખ્યો.

બાપા—તું શીખ્યો, ખરૂંને ? મને તારી પરીક્ષા લેવા દે. કેટલા કલાક હોય છે.

ગોપાળ—દિવસના બાર કલાક હોય છે ને રાતના બાર કલાક હોય છે.

બાપા—સારૂ, હવે એક કલાકની કેટલી મીનીટ થાય તે મને કહે.

ગોપાળ—એક કલાકની સાઠ મીનીટ થાય

બાપા—એક મીનીટની કેટલી સેકન્ડ થાય ?

ગોપાળ—એક મીનીટની સાઠ સેકન્ડ થાય.

બાપા—શાબાશ ! હવે અહીં આવ. હું મારી ઘડીઆળ તારા કાન પાસે ધરીશ. તું શું સાંભળે છે ?

ગોપાળ—હું ટીક, ટીક, ટીક, સાંભળું છું.

બાપા—હા, ઘડીઆળ ટીક ટીક કરે છે. દરેક ટીક એક સેકન્ડ છે. એક મીનીટની સાઠ સેકન્ડ થાય છે ઘડીઆળ એક મીનીટમાં સાઠ વખત ટીક કરે છે.

બાપા—હવે લાંબા મીનીટ કાંટા તરફ જો. તે મોટા કુંડાળામાં એક કાળાં ટપકાંથી બીજા ટપકાં સુધી એક મીનીટમાં ફરે છે. તે એક કલાકમાં બધે ફરી વળે છે.

ગોપાળ—હું સમજ્યો. ત્યારે નાનો સેકન્ડ કાંટો મીનીટ કાંટા કરતાં સાઠ ગણો જલદી ફરે છે.

બાપા—ઘણું સાચું. હવે કલાકના કાંટા તરફ જો. તું તેને ફરતો જોઈ શકશે નહિ પણ તે ફરેજ છે. તે એક આંકડાથી બીજા આંકડા પર એક કલાકમાં જાય છે. બાર કલાકમાં તે બરાબર ગોળ ફરી રહે છે.

ગોપાળ—કલાક કાંટો એક આંકડાથી બીજા આંકડા સુધી ફરે છે, તેટલામાં મીનીટ કાંટો બાર આંકડા ફરે છે. તે બારગણી ઝડપથી ફરે છે.

બાપા—એ ખરૂં છે. મારી ઘડિયાળમાં જો. કેટલા વાગ્યા છે ?

ગોપાળ—કલાક (ઑકલૉક) એટલે શું ?

બાપા—ઑકલૉક એ (ઑફ ધ કલૉક) "ઘડિયાળના" માટે ટુંકો શબ્દ છે જ્યારે હું કહું છું "કેટલા વાગ્યા" ત્યારે મારી કહેવાની મતલબ એ છે જે હમણાં ઘડીયાળમાં કયો કલાક થયો છે ? કલાક કાંટો કેટલા કલાક ને મીનીટ કાંટો કેટલી મીનીટ બતાવે છે ?

ગોપાળ—કેટલા વાગ્યા છે તે હું કહી શકતો નથી.

બાપા—કલાક કાંટો નવ ઉપર કંઈક બતાવે છે. તેથી નવ વાગી ગયા છે. મીનીટ કાંટો કુંડાળાનો ચોથો ભાગ બતાવે છે. તેથી સવાનવ થયા છે.

પા કલાકની પંદર મીનીટ થાય છે. હવે આ પાના તરફ જો. મેં તે તારે માટે બનાવ્યાં છે. દરેક પાનું મોટા ઘડીઆળના ચંદાનું ચિત્ર છે. તેમાં કલાક કાંટો અને મીનીટ કાંટો છે. મેં તેમાં સેકન્ડ કાંટો મુકયો નથી. તું તે નિશાળે લઈ જજે ને તારા શિક્ષકને તે બતાવજે. વખત કેવી રીતે કહેવો તે તને એ કહેશે. હવે ચાલો આપણે નાસ્તો કરવા જઈએ. મોટું ઘડીઆળ કહે છે કે ટીક, ટીક, ટીક ! તમારે જે કરવાનું હોય તે જલદી કરો.

વખત જલદીથી પસાર થાય છે—વીતી જાય છે.

તમારે જે કંઈ કરવું હોય તે આજેજ કરો.

(૯) ટપાલ.

અનંત નવ વરસની ઉમરનો નાનો છોકરો હતો. તે હંમેશા ગામડામાં રહેતો હતો. તે પોતાના પિત્રાઈ ભાઈ ગોવિંદ સાથે પુનામાં રહેવા આવ્યો. તે ગોવિંદને ગોંડુ કહેતો ને ગોવિંદ તેને અંતુ કહેતો.

જ્યારે તે પુના પહોંચ્યો ત્યારે તે બહુ થાકી ગયો હતો. સાંજના મોડું થયું હતું. તેણે થોડો ખોરાક ખાધો ને સુઈ ગયો. તે આખી રાત ઘસઘસાટ ઉંઘ્યો. બીજે દીવસે સહવારે તે વહેલો ઉઠયો. જ્યારે તે નાહ્યો ને લુગડાં પહેર્યાં ત્યારે તે પોતાના પિત્રાઈ ભાઈ ગોંડુ સાથે ઘરના આગલા ઓરડામાં ગયો. આગલું બારણું ઉઘાડું હતું.

અંતુ—હું બારણા આગળ કોઇ માણસને ઉભો રહેલો જોઉં છું. ગોંડુ, એ કોણ છે ? એને શું જોઇએ છે ?

ગોંડુ—અરે અંતુ, તેં કદી ટપાલી જોયો નથી ? એ ટપાલ છે.

અંતુ—તે પોતાના હાથમાં શું પકડી રહ્યો છે ?

ગોંડુ—એ કાગળ છે. મારે માટે કે મારા ભાઇને માટે તે અહીંઆ તે (કાગળ) લાવ્યો છે. બાપા મુંબઈ છે. તેમણે હમને કાગળ લખ્યો છે.

અંતુ—તે શું ઉંચકી જાય છે ? પોતાના ડાબા હાથથી તેણે કંઈ પકડયું છે.

ગોંડુ—તે બદામી રંગની ચામડાની કોથળી છે. તે ચામડાના પટાથી લટકાવેલી છે. તે તેના ખભા ઉપર થઇને જાય છે.

અંતુ—તે કોથળીમાં શું છે?

ગોંડુ—અરે, એ કોથળી કાગળોથી ભરેલી છે. તે તેને બીજે ઘેર લઈ જાય છે.

ટપાલી—સાહેબ, આ તમારો કાગળ છે.

ગોંડુ—હું તમારો આભાર માનું છું. આજે હમારા ઘરનો આ એકજ કાગળ છે?

ટપાલી—હા, સાહેબ. આજે એજ છે. સાહેબજી.

ગોંડુ—સાહેબજી. હા, મારા ઉપર (મારા) બાપાનો આ કાગળ છે. તેમણે તે ગઈ રાત્રે લખ્યો છે.

અંતુ—ગોંડુ, શું તમારા બાપે એ કાગળ અહીંઆ લાવવાને ટપાલીને કાંઈ પૈસા આપ્યા?

ગોંડુ—અરે નહિ! તેણે કાગળ પર ટીકીટ ચોંટાડી છે. તે આ રહી. તે જો. એ અડધા આનાની ટીકીટ છે.

અંતુ—તે ટીકીટ પર શેનું ચિત્ર છે?

ગોંડુ—હીંદુસ્તાનના શહેનશાહ પાંચમા જ્યૉર્જના માથાનું એ ચિત્રછે.

અંતુ—ગોંડુ, તારો કાગળ વાંચ.

ગોંડુ—હા, હું તે વાંચીશ. જો તારી મરજી હોય તો તું પણ તે જો. મને ખબર છે કે તને અંગ્રેજી આવડતું નથી.

આ મારા બાપાનો લખેલો કાગળ છે.

મુંબાઇ, તા. ૧૫મી મે ૧૯૨૧.

મારા વ્હાલા દીકરા,

હું તને લખી જણાવું છું કે ગઈ કાલે ત્રણ વાગતે હમે મુંબાઈ ઉતર્યાં. અહીં ઘણી ગરમી પડે છે. મને લાગે છે કે આજ રાત્રે વરસાદ પડશે. વાદળાં ઘણાં થાય છે. હું ને તારી મા તદન સારાં છીએ. ઘર આગળ તમારી બધાની તબીયત કેમ છે તે મને લખી

જણાવજે. હું કાલે દુકાને જઈશ ને તારે માટે કેટલીક ચોપડી ખરીદ કરીશ. આજે મારે ઘણું કામ છે. મારે ઘણા કાગળ લખવાના છે. હમે પાછા કયારે આવશું તે તને ફરીથી લખી જણાવીશ. સલામ, તારી બહેન, ભાઈ ને અંતુ જે આપણા ઘરમાં રહે છે તેને મારી સલામ કહેજે.

હું છું, તારો વ્હાલો પિતા.

(૧૦) વાતચીત.

વાત કરવામાં આપણે વારંવાર કહીએ છીએ.

હું ત્યાં વારંવાર ગયો છું.
મને ખાત્રી છે કે તે આવ્યો.
જો મારાથી બનશે તો હું તે કરીશ.
તમે એમ બે વાર કહ્યું છે.
તમે ત્યાં થોડીવારમાં પહોંચશો.
તે આઠ વર્ષનો છે.
તે હમણાંજ અહીં આવશે.
અમે ઘણી સખત મહેનત કરી છે.
શું તે મારી ચોપડી નથી ?
તે ખરૂં છે.
તમારૂં નામ શું છે ?

ત્યાં કોણ છે ?
ત્યાં જતા નહિ.
હું વધારે વાર રાહ જોઈ શકતો નથી.
તેઓ અહીં આવશે નહિ.
તમને આ મળશે નહિ.
અહીં એક સુંદર ઝાડ છે.
અહીં કોઈ નથી.
મારી ટોપી કયાં છે ?
તે હજી ગયો નથી.
બહાર જવાને હદપાર મોડું થયું છે.

(૧૧) નાળીએર.

નાળીએરનું ઝાડ ઘણું ઉંચું હોય છે. તેને ડાળીઓ હોતી નથી, પણ ઝાડને મથાળે ઘણા લાંબા પાનરાં હોય છે.

તે ઘણું ઉપયોગી ઝાડ છે. આ ઝાડનો દરેક ભાગ કામનો છે. એક લીલા નાળીએરને ભાંગીને ખોલો. તેને ઘણી જાડી છાલ હોય છે.

અંદર તમે ફળ જોશો. જાડી છાલને કાથો કહે છે. તેને તડકામાં સુકવવામાં આવે છે ને પછી તેનાં ભુખરાં મજબુત દોરડાં બનાવવામાં આવે છે.

ફળને કઠણ કાચલું હોય છે, જ્યારે ફળ પાકે છે ત્યારે આ કાચલું ભુખરૂં થાય છે. તેના ભાંગીને બે કટકા કરવામાં આવે છે; દરેક કટકો પ્યાલા તરીકે વપરાય છે. એક લાંબો હાથો તેને લગાડવામાં આવે છે અને પછી તેને કડછી કહે છે.

લીલું નાળીએર મીઠા પાણીથી ભરેલું હોય છે. તે પીવામાં ઘણું સારૂં છે જ્યારે ફળ પાકી જાય છે, ત્યારે ઘણું કરીને સઘળું પાણી સુકાઇ જાય છે.

અહીં એક લીલા નાળીએરનું ને બીજું પાકેલા નાળીએરનું ચિત્ર પાસે પાસે છે. પાકેલા નાળીએર કરતાં લીલું નાળીએર કેટલું મોટું છે તે જુઓ. છાલ તેને વધારે મોટું બનાવે છે. લીલા નાળીએરને મથાળે ડીચકું છે. તે આ ડીચકાથી ઝાડ ઉપર લટકી રહે છે.

પાકેલા ફળની કાચલી ભાંગો. તમે શું જુઓ છો ? અંદરના બાજુએ મીઠું ધોળું કોપરૂં છે. તે ખાવામાં ઘણું સારૂં છે. તેની મીઠાઇ બને છે, કોપરાને તડકામાં સુકવવામાં આવે છે. મીઠા દુધવાળા રસનું તેલ બને છે. તે ફળને પછી કોપરૂં કહે છે. તેને ઘાણીમાં પીલવામાં આવે છે ને તેમાંથી દાબીને તેલ કાઢવામાં આવે છે.

(૧૨) ટપાલની પેટી.

ગોકુ—અંતુ, અંતુ, તું ક્યાં છે ?

અંતુ—હું અહીં છું. તે શું છે ?

ગોકુ—મારા બાપાએ જે કાગળ લખ્યો હતો તેને જવાબ મેં હમણાં લખ્યો છે. તે જોવાની તારી મરજી છે ?

અંતુ—હા ! હા ! મને તે જોવા દે.

ગોકુ—તે આ રહ્યો.

પુના, ૧૭ મી મે ૧૯૧૧.

મારા વ્હાલા પિતાજી,

તમારા માયાળુ પત્ર માટે હું તમારો આભાર માનું છું. તે મને સવારમાં વહેલો મળ્યો. ગઈ રાત્રે વરસાદ વરસ્યો અને આજે તદ્દન ઠંડક થઈ છે. સીતાનું માથું ગઈ કાલે ઘણું દુખતું હતું પણ હવે તેને તદ્દન સારૂં છે. અંતુ તદ્દન સારો છે ને તે પ્રમાણે હું છું. મને આશા છે કે તમે પાછા આવો ત્યારે મારે માટે થોડી સારી ચોપડી લાવશો.

વ્હાલા પિતાજી, સલામ. હમારા બધા તરફથી સલામ.

હું છું, તમારો વ્હાલો દીકરો, ગોન્ડુ.

અંતુ—હું સારો છું એમ તેં કહ્યું (લખ્યું) તેથી હું ખુશી થયો છું. હવે કાગળનું શું કરવાનો છે?

ગોંડુ—હું તેને પરબીડીઆમાં બીડીશ ને પછી ટપાલમાં નાંખીશ. જો, તે તૈયાર થઈ ગયો છે.

મી. પી. કે. નારાયણરાવ,

નં. ૧૦૦ ફૂટ રોડ,

મુંબાઈ.

અંતુ—પરબીડીઆં ઉપર શું લખ્યું છે?

ગોંડુ—એ સરનામું છે. પહેલી લીટીમાં મેં મારા બાપાનું નામ લખ્યું છે. બીજી લીટીમાં તે જે જગ્યાએ રહે છે તેનું નામ ને ઘરનો નંબર લખ્યો છે; ત્રીજી લીટીમાં મેં શહેરનું નામ લખ્યું છે. દરેક કાગળ ઉપર આના જેવું સરનામું હોવું જોઇએ. કાગળ ક્યાં લઇ જવો તે ટપાલને સરનામા ઉપરથી જણાય છે. હવે મારે જવું જોઇએ ને કાગળ ટપાલમાં નાખવો જોઇએ.

અંતુ—ગોંડુ, હું તારી સાથે આવું?

ગોંડુ—અરે હા! ચાલો આપણે જલદી જવું જોઇએ.

અંતુ—પણ ગોંડુ, તેં જોડા પહેર્યા નથી. તું આમ ઉઘાડે પગે બહાર જાય છે?

ગોંડુ—આપણે જલદી દોડતાં જવું જોઇએ. નહિ તો આપણે મોડા થઇશું મારે વખત ગુમાવવાનો નથી. બે વાગે ટપાલ આવે છે ને કાગળો લઇ જાય છે. હમણાં બેમાં ત્રણ કમ છે. આપણે જલદી દોડતાં જવું જોઇએ.

પછી તે બે છોકરા ટપાલની પેટી તરફ સાથે દોડયા તમે તેમને ત્યાં ચિત્રમાં જુઓ છો. ગોંડુ હમણાં પેટીના બાકામાં કાગળ નાંખે છે. તેના ઉપર "કાગળો" એ શબ્દ લખેલો છે, તેથી દરેક માણસ કાગળ ક્યાં નાંખવો તે જાણી શકે.

અંતુ—ટપાલ કાગળોને શું કરશે ?

ગોંડુ—ને તેને પોતાની કોથળીમાં મુકશે ને તેને મોટી ટપાલ ઓફીસે લઇ જશે. આ પ્રમાણે બીજા ઘણા ટપાલ બીજી ટપાલની પેટીમાંથી કાગળો લાવશે. પછી તેમને મોટા કોથળામાં ભરવામાં આવશે. અને આગગાડી ઉપર લઇ જવામાં આવશે.

(૧૩) ચંદ્રમા.

અરે ! ચંદ્રમા તરફ જા, તે ઘણો ઉંચો પ્રકાશે છે. અરે મા, તે આકાશમાં દીવા જેવો દેખાય છે.

ગયે અઠવાડીએ તે વધારે નાનો હતો અને તે કામઠા જેવા આકારનો હતો, પણ હમણાં તે વધારે મોટો થયો છે અને "ઓ" જેવો ગોળ છે.

પરમેશ્વરે દીવસ ઉપર રાજ્ય કરવાને સૂર્ય બનાવ્યો. પરમેશ્વરે રાતના ઉપર રાજ્ય કરવાને ચંદ્રમા બનાવ્યો. પરમેશ્વરે તારા બનાવ્યા તેઓ પણ રાત્રે અજવાળું આપે છે.

(૧૪) કન્યાશાળા.

ઘંટ વાગે છે કે તરત નાની છોકરીઓ નિશાળમાં ચાલી આવે છે. તેમાંની દરેક પોતાની ચોપડી રાખવાને પોતાની સાથે એક કોથળી (દફતર) લાવે છે. દરેક વર્ગમાં હવા અંદર આવવા દેવાને એક બારીવાળો સુંદર સાફ ઓરડો હોય છે. જો પવન ઘણો સખત વાતો હોય તો બારી બંધ કરવામાં આવે છે. બધી છોકરીઓ પાટલી પર બેસે છે, પણ જ્યારે વાંચવાનો વખત થાય ત્યારે ઉભી થાય છે.

મહેતાજી ખુરશી ઉપર બેસે છે અને છોકરીઓને વાંચતાં સાંભળે છે. તે તેમને ધીમે અને કાળજીપૂર્વક વાંચવાનું કહે છે. તે તેમની પાસે સઘળા અઘરા શબ્દની જોડણી કરાવે છે. અઘરા શબ્દો તે ચાકવતી કાળા પાટીઆપર લખે છે.

છોકરીઓ પાસે કૉપી બુક હોય છે જેમાં તેઓ સીસાપેનથી અથવા શાહી અને કલમથી લખે છે, અને સ્લેટ હોય છે તેના પર લખે છે ને હિસાબ ગણે છે.

ઘણી નિશાળમાં મહેતીજી હોય છે ને મહેતાજી હોતા નથી. મહેતાજી જે કામ કરે છે તેજ કામ તે કરે છે.

છોકરીઓ નિશાળે આવે છે તે પહેલાં તેઓ પોતાના હાથ ધુએ છે ને પોતાના વાળ ઓળે છે. તેમના હાથ ને આંગળીઓ કેવી સાફ છે તે જુઓ.

નિશાળમાં છોકરીઓ સીવતાં શીખે છે. તેઓ પાસે હોય છે જેમાં તેઓ પોતાનું કામ, પોતાનું કપડું અને ટાંકણી, સોય, દોરો ને કાતર રાખે છે.

આપણે આપણી જગ્યાએ હાથ ને મ્હોં સાફ કરીને જઈશું, અને ઘર આગળ ને નિશાળમાં આપણને કહેવામાં આવશે તેમ કરીશું; અને એ પ્રમાણે આપણે હંમેશાં સુખી ને હુશીયાર થઈશું,

કારણ કે સોના રૂપા કરતાં વિદ્યા વધારે સારી છે.

(૧૫) ગઈ કાલ આજ આવતી કાલ.

હું આજે ત્યાં જાઉં છું. હું ગઈ કાલે ત્યાં ગયો. આવતી કાલે હું ત્યાં હું જઈશ, દરેક અઠવાડીએ હું ત્યાં જાઉં છું.

તે તે હમણાંજ કરે છે. તેણે તે કાલે કીધું. તે તે આવતે વર્ષે કરશે. તે તે દરરોજ કરે છે.

તે આ અઠવાડીએ અહીં આવે છે. તે ગયે મહિને અહીં આવી.

તે આવતે વર્ષે અહીં આવશે. તે વારંવાર અહીં આવે છે.

મહેતાજી—આજ સવારે તમે કેટલા વાગે ઉઠયા ?

છોકરો—હું નવ વાગે ઉઠયો.

મહેતાજી—અરે ! તું નવ વાગતા સુધી ઉઠયો નહિ ? તું ઘણો આળસુ છોકરો હોવો જોઇએ. તારે મળસકામાં ઉઠવું જોઇએ.

છોકરો—કાલે હું ૭ વાગે ઉઠીશ.

મહેતાજી—એ ખરૂં છે, પણ પાંચ વાગે ઉઠવું એ હજી વધારે સારૂં છે. તારી પાસે નાનું ઘડીઆળ છે ?

છોકરો—ના, પણ મારા ઘરમાં મોટું ઘડીયાળ છે. જ્યારે હું મોટો છોકરો થઇશ ત્યારે મારા બાપા મને નાનું ઘડીયાળ અપાવશે.

(૧૬) એક અને એક કરતાં વધારે.

આપણે કહીએ—

એક પક્ષી, બે પક્ષી, ઘણાં પક્ષી.
એક ઝાડ, બે ઝાડ, ઘણાં ઝાડ.
એક પાંદડું, બે પાંદડાં, ઘણાં પાંદડાં.
એક ચપ્પુ, ઘણા ચપ્પુ.
એક પેટી, ઘણી પેટી.
એક સ્ત્રી, ઘણી સ્ત્રી
એક ઇંડું, ઘણાં ઇંડાં.
એક માણસ, ઘણા માણસ.
એક દીવસ, ઘણા દીવસ.
એક બૈરી, ઘણી બૈરી.
એક ઘર, ઘણા ઘર.
એક આંખ, ઘણી આંખ.
એક પગ, ઘણા પગ.
એક ડાળી, ઘણી ડાળીઓ.
એક ઘડીયાળ, ઘણાં ઘડીયાળ.
એક સ્ત્રી, ઘણી સ્ત્રીઓ.
એક બાળક, ઘણા બાળકો.

(૧૭) દાદા.

એક ગરીબ છોકરાને મા કે બાપ નથી. તેનાં મા ને બાપ બન્ને મરી ગયાં છે. તેને તેના ઘરડા દાદા વગર તેની સંભાળ લેનાર કોઇ નથી. તે ઘરડા માણસને બૈરી ને છોકરૂં કાંઇ નથી. તેને માત્ર પોતાના દીકરાનો નાનો દીકરો છે જે ચાર વરસનો છે. તે બાળકને તે એકલો ઘેર રાખી શકતો નથી. કોઇ તેની સંભાળ લે નહિ. તેથી તે પોતાની સાથે તેને કામે લઇ જાય છે. તે માળી છે. તે આખો દીવસ વાડીમાં સખત મહેનત કરે છે. સાંજે ત્રણ માઇલ દૂર પોતાને ગામ પોતાને ઘેર જાય છે. જ્યારે તે કામ કરતો હોય ત્યારે તેનો પૌત્ર વાડીમાં આમ તેમ રમે છે. જ્યારે તેઓ આજે ઘેર આવ્યા ત્યારે છોકરો થોડુંક ચાલ્યો.

પછી તેણે કહ્યું, "દાદા, હું થાકી ગયો છું. હું વધારે ચાલી શકતો નથી." ત્યારે તે માયાળુ ઘરડો માણસ ઉભો રહ્યો ને પોતાના પૌત્રને પોતાના ખભાપર લીધો. ચિત્રમાં તમે તેને ઘેર લઈ જતો જુઓ છો. તે સાઠ વરસનો છે. તેના ચહેરાપરના વાળ સફેદ છે. તે ઘણો જોરાવર નથી. પણ તે હજી પોતાના પૌત્રને ઉંચકી શકે છે. જ્યારે તે ઘેર આવશે ત્યારે તે દેવતા સળગાવશે ને તેમને બન્ને ને ખાવાને થોડા ચોખા રાંધશે. પછી તે ને તેનો પૌત્ર સાદડીપર સુશે. તેઓ સવાર સુધી ઉંઘશે.

(૧૮) વરસના મહિના.

એક વરસના બાર મહિના હોય છે તે આ પ્રમાણેઃ—

૧. જાન્યુઆરી. ૨. ફેબ્રુઆરી. ૩. માર્ચ. ૪. એપ્રિલ. ૫. મે. ૬. જુન. ૭. જુલાઈ. ૮. ઑગસ્ટ. ૯. સપ્ટેંબર. ૧૦. અકટોબર. ૧૧. નવેંબર. ૧૨. ડીસેંબર.

સપ્ટેંબર. એપ્રિલ, જુન ને નવેંબરના ત્રીસ દીવસ હોય છે. ફેબ્રુઆરીના માત્ર અઠ્ઠાવીસ દીવસ હોય છે. બીજા સઘળા મહિના એકત્રીસ દિવસના હોય છે. પણ ચાર વરસે એક વખત આવતાં લીપ-ઈયિરમાં ફેબ્રુઆરીમાં એક દીવસ વધારે થાય છે.

(૧૯) રમવાની જગ્યા.

બાપા—ગોપાળ, તું ક્યાં જાય છે?

ગોપાળ—બાપા, હું રમવાની જગ્યાએ જાઉં છું. મારી સાથે આવો, જરૂર આવો, ને હું તમને તે બતાવીશ.

બાપા—બહુ સારૂ, મારા છોકરા. મારે હમણા કાંઈ કામ નથી. હું તારી સાથે આવીશ.

ગોપાળ—અરે બાપા! હું તમારો ઉપકાર માનું છું. ચાલો આપણે એકદમ જઈએ.

બાપા—ત્યારે આ તારી રમવાની જગ્યા છે. ખરૂં ને? એ કેવી સુંદર જગ્યા છે! કેટલા બધા છોકરા છે! તેઓ કોણ છે ને તેઓ શું રમે છે તે મને તું કહી શકશે?

ગોપાળ—હું એમાંના ઘણાખરાને ઓળખું છું. બે છોકરા ભમરડે રમે છે. તેઓ મારા વર્ગમાં છે. તે કેશુ ને ગોન્દુ છે. કેશુ પોતાનો ભમરડો ફેરવે છે. ગોન્દુ પોતાના હાથમાં પોતાનો ભમરડો લઇને પાસે ઉભો છે.

બાપા—જે છોકરા દડા વડે રમે છે તે કોણ છે?

ગોપાળ—એ રામુ ને રંગુ છે, તે દડો રામુનો છે. તેના બાપે તેને ગયે અઠવાડીએ તે આપ્યો. તે તે ફેંકે છે ને રામુ તેને ઝીલે છે.

બાપા—જે છોકરા આગળ ઉભા છે તે શું કરે છે?

ગોપાળ—તેઓ કુદે છે. જે છોકરો કુદે છે તેનું નામ નાનો છે. બીજા કોણ છે તે હું જાણતો નથી. નાનો ઘણી ઝડપથી દોડી શકે છે. વળી તે ઘણી સારી રીતે કુદી શકે છે. તે હમણાં લાંબી છલંગ મારે છે. કોઇ વખત તેઓ ઉંચા કુદકા મારે છે.

બાપા—ઉંચો કુદકો. તે શું હશે?

ગોપાળ—બે થાંભલા વચ્ચે તેઓ લાકડી કે દોરી મુકે છે. પછી એક છોકરો દોડે છે ને તેની ઉપર થઇને કુદી, જવાનો પ્રયત્ન કરે છે.

બાપા—ગોપાળ, તું કેટલે દૂર ને કેટલો ઉંચો કુદી શકે છે?

ગોપાળ—હું છ ફુટ દૂર ને ત્રણ ફુટ ઉંચે કુદી શકું છું.

બાપા—એ ઘણું સારૂં છે. હવે મારે પાછા ઘેર જવું જોઇએ. તું અહીં રહીને રમ, તું ક્યાં છે તે હું તારી માને કહીશ. પણ મોડો આવતો નહિ. અંધારૂં થતા પહેલાં આવજે.

(૨૦) ફરીથી પ્રયત્ન કરો.

એક વખત રામ નામનો નાનો છોકરો હતો. તે આઠ વર્ષનો હતો ને તે દરરોજ નિશાળે જતો.

રામ ચાલાક છોકરો નહોતો. તે વારંવાર પોતાના વર્ગમાં છેલ્લો રહેતો, તે સારૂં વાંચી શકતો પણ તે પોતાની સ્લેટ પર દાખલા કરી શકતો નહિ.

એક દિવસે મહેતાજીએ છોકરાઓને દાખલો ગણવા આપ્યો. તેમને પાંચ હારના આંકડા ઉમેરવાના હતા. બીજા બધા છોકરાએ જલદી

દાખલો ગણ્યો. તેઓ પોતાની સ્લેટ મહેતાજી પાસે લાવ્યા ને તેને જવાબ બતાવ્યા, તેના બધા ખરા હતા.

રામ પણ પોતાની સ્લેટ લાવ્યો. પણ જવાબ તદ્દન ખોટો હતો. મહેતાજીએ કહ્યું, “તારી જગ્યાએ પાછો જા, તારો જવાબ ભુંસી નાંખ, ને આંકડાનો ફરીથી સરવાળો કર.”

રામ પાછો ગયો, પોતાની જગ્યાએ બેઠો ને આંકડાનો સરવાળો કર્યો. તેણે કહ્યું, મેં કર્યો છે. મહેતાજીએ કહ્યું, અહીં આવ ને મને તારી સ્લેટ બતાવ.

મહેતાજીએ તેની સ્લેટમાં જોયું. તેણે કહ્યું, પાછો આ ખોટો છે. ફરીથી એકવાર સરવાળો કરી જો. રામે કહ્યું, શું કામ હું તે કરી શકતો નથી, તે હદપાર અઘરો છે.

મહેતાજીએ જવાબ દીધો, ના, બીજા બધા છોકરાએ તે કર્યો છે, તે હદપાર અઘરો નથી. રામ, ફરીથી પ્રયત્ન કર.

રામ પોતાની જગ્યાએ પાછો ગયો. તેણે આંકડાનો સરવાળો ધીમેથી ને સંભાળથી કર્યો. પછી તેણે પોતાની સ્લેટ પોતાના મહેતાજીને બતાવી.

તેના મહેતાજીએ કહ્યું, આ વખત જવાબ ખરો છે. શાબાશ, રામ ! પહેલી વખત તું કાંઇ કરી શકે નહિ તો ફરીથી પ્રયત્ન કરજે. જ્યાં સુધી તું તે કરી શકે ત્યાં સુધી પ્રયત્ન જારી રાખજે. કોઇ વખત એમ ન કહેવું કે ‘હું તે કરી શકતો નથી.’ ‘હું તે કરી શકીશ’ એમ કહેજે.

(તમારી) ઇચ્છાથી કામ કરો—તેનો છેડો તમને દેખાય નહિ ત્યાં સુધી સખત મહેનત કરો. મારા નાના મિત્ર, જ્યાં સુધી સઘળું સરળ થાય ત્યાંસુધી ફરીને કરો. કદી છોડી દેતા નહિ. (હિંમત હારી જતા નહિ.) ફરીથી એકવાર શરૂ કરો. તમારા સઘળા બળથી એકવાર ફરીથી પ્રયત્ન કરો ને તમે ધીમે ધીમે સાચે રસ્તે પહોંચશો.

(૨૧) જે ઘર રામે બાંધ્યું તે.

રામે જે ઘર બાંધ્યું તે આ રહ્યું.

રામે જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તે આ છે.

રામે જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તેને જે બિલાડી કરડી તે આ રહી.

રામે જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તેને જે બિલાડી કરડી તેને જે કુતરાએ પકડી તે આ રહ્યો.

રામે જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તેને જે બિલાડી કરડી તેને જે કુતરાએ પકડી તે કુતરાને જે કાગડાએ ચાંચ મારી તે આ રહ્યો.

રામે જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તેને જે બિલાડી કરડી તેને જે કુતરાએ પકડી તે કુતરાને જે કાગડાએ ચાંચ મારી તેની પછવાડે જે સમડી પડી તે આ રહી.

(૨૨) સાચું કહો.

વેંકટ ને કમળા નામના બે છોકરાં હતાં. એક દહાડો ઘરના આગલા ઓરડામાં તેઓ રમતાં હતાં. મેજપર એક આરસી હતી ને તે તેઓએ જોઈ નહિ. તેઓ રમતાં હતાં તેવામાં વેંકટે કમળાને મેજ તરફ ધક્કો માર્યો. તે આરસી જમીન પર પડી ને ભાંગી ગઈ. બંને છોકરાં રડવા લાગ્યાં.

કમળા—ભાઈ, તેં મને શા માટે ધક્કો માર્યો? આરસી ફુટી છે.

વેંકટ—તને ધક્કો મારવાનો મારો ઇરાદો નહોતો. હવે આપણે શું કરીશું? એમાં બધો તારો વાંક છે.

કમળા—આપણે બંને રમતાં હતાં. એમાં મારો વાંક છે એમ તું શા માટે કહે છે? તેમાં તારો પણ વાંક છે. પણ આપણે શું કરીશું?

વેંકટ—જો બાપાને માલમ પડશે તો તે ગુસ્સે થશે. આપણે તેને કોઈ ઠેકાણે સંતાડી શકીએ નહિ?

કમળા—ના! ના! કોઈ પણ વખત તે માલમ પડી આવશે. આપણે બાપાને કહી દેવું એ સારૂં છે ને કહેવું કે હમે દીલગીર છીએ. તો કદાચ તે બહુ ગુસ્સે થશે નહિ.

વેંકટ—મને ધાસ્તી છે કે તે ગુસ્સે થશે. આપણે માને કહીએ તો નહિ સારૂં ? કદાચ તે બાપને ગુસ્સે નહિ થવાનું કહેશે.

જ્યારે તેઓ બોલતા હતા ત્યારે તેઓની મા ઓરડામાં આવી. તે થાકી ગઈ હતી ને ખુરશી પર બેસી ગઈ. છોકરાં તેની પાસે ગયાં ને નીચું જોઇને તેની આગળ શાંત રીતે ઉભા રહ્યાં.

માએ જોયું કે કાંઈ નવું જુનું થયું છે. તેણે કહ્યું, તમે આટલા શાંત કેમ ઉભા છો ? તમે કાંઇ નુકશાન કર્યું છે ? પછી કમળા ડુસકાં ભરવા લાગી ને વેંકટ પોકેપોક મુકી રડયો. પછી તેની માએ કહ્યું, છોકરાં, તમે શા માટે રડો છો ? કોઇએ તમને ઇજા કરી છે ? શું થયું છે ? રડો નહિ.

કમળા—મા, હમે રમતાં હતાં ને હમે આરસીને ધક્કો મારી પાડી નાખી ને તે ભાંગી. હમે ઘણા દીલગીર છીએ ને હમને બીક લાગે છે કે બાપા હમારી ઉપર ગુસ્સે થશે.

મા—એટલુંજ કે ! તમે આરસી ફોડી તે માટે દીલગીર છું. પણ તમે સાચું કહ્યું છે માટે હું ઘણી ખુશી થઈ છું. બ્હીશો નહિ. હું તમારા બાપાને કહીશ. તે તમારા ઉપર ગુસ્સે થશે નહિ કેમકે તમે સાચું કહ્યું છે.

(૨૩) હોડી.

આ પાણીથી બરેલી ઉંડી નદી છે. આપણે તેને ચાલીને ઓળંગી શકીએ નહિ. પણ પાસેજ એક પુલ છે જે એક નાકાથી બીજા નાકા સુધી જાય છે. જાણે રસ્તો હોય તેમ તમે નદી ઉપર આવેલા પુલ પર. ચાલો. તેનાપર કેટલાક માણસને હમણાં ચાલતા તમે જોશો.

નદી પુલની તળેથી જાય છે. નદીની બે બાજુ કીનારા કહેવાય છે. પણ કીનારાની વચ્ચે થઇને જાય છે. નદી વહીને કયાં જાય છે ?

બધી નદી જમીન ઉપર થઇને વહે છે ને આખરે દરીઆમાં જાય છે. નદીમાં બધું પાણી કયાંથી આવે છે ? તે વાદળામાંથી જમીન ઉપર પડે છે ને નદીમાં વહી જાય છે.

પાસેના કીનારા સાથે બાંધેલી પેલી હોડી કેવી સુંદર ને મોટી છે! તે લાકડાના બનાવેલા નાના ઘર જેવી છે ને તે પાણી ઉપર તરે છે. તેની અંદર બારી બારણાવાળા ઓરડા છે. ચાર બારી ઉઘાડી છે ને સાત બંધ છે. બારણું ઉઘાડું છે. હોડીને મથાળે હું બે ખુરશી જોઉં છું. તે શા માટે મુકેલી છે?

સાંજે જ્યારે સૂર્ય અસ્ત પામે છે ને ઠંડક હોય છે ત્યારે હોડી-માંના ગૃહસ્થ માણસોને બેસવા માટે છે. તું નાને દાદરેથી મથાળે જઈ શકશે. તેને ત્રણ પગથીઆં છે. ઉપલાં પગથીઆપર એક માણસ બેઠો છે. હોડી કીનારા ઉપર દોરડાંથી બાંધી છે.

પાણી ઉપર હોડી કેવી રીતે ચાલે છે? માણસો વાંસ વતી તેને આગળ હડસેલે છે. હમણાં હોડીવાળો પોતાના હાથમાં વાંસ લઈને હોડીને મથાળે ઉભો છે. હોડી નીચે, પાણીમાં પેલી કાળી વસ્તુ શું છે?

તે હોડીનો પડછાયો છે. નીચે બીજી હોડી હોય એમ દેખાય છે. છેક દૂર, નદીના બીજા કીનારા પાસે આના જેવી બીજી હોડી હું જોઉં છું. વરસાદ નદીને ભરે છે. નદીઓ દરીઆમાં વહે છે. (દરીઆને મળે છે)

(૨૪) ભૂતકાળ ને વર્તમાનકાળ.

આજે.	કાલે.	આજે.	કાલે.
હું કહું છું	મેં કહ્યું.	તે કહે છે	તેણે કહ્યું.
હું કરૂં છું	મેં કર્યું.	તે કરે છે	તેણે કર્યું.
હું છું	હું હતો.	તે છે	તે હતો.
હું આપું છું	મેં આપ્યું.	તે આપે છે	તેણે આપ્યું.
હું કહું છું	મેં કહ્યું.	તે કહે છે	તેણે કહ્યું.
મારી પાસે છે	મારી પાસે હતું.	તેની પાસે છે	તેની પાસે હતું.
હું જાઉં છું	હું ગયો.	તે જાય છે	તે ગયો.
હું સાંભળું છું	મેં સાંભળ્યું.	તે સાંભળે છે	તેણે સાંભળ્યું.
હું મેળવું છું	મેં મેળવ્યું.	તે મેળવે છે	તેણે મેળવ્યું.
હું આવું છું	હું આવ્યો.	તે આવે છે	તે આવ્યો.

હું જાગું છું	હું જાગ્યો.	તે જાગે છે	તે જાગ્યો.
હું બેસું છું	હું બેઠો.	તે બેસે છે	તે બેઠો.
હું લાવું છું	હું લાવ્યો.	તે લાવે છે	તે લાવ્યો.
હું ખરીદું છું	મેં ખરીદ્યું.	તે ખરીદે છે	તેણે ખરીદ્યું.
હું પીઉં છું	મેં પીધું.	તે પીએ છે	તેણે પીધું.
હું ખાઉં છું	મેં ખાધું.	તે ખાય છે	તેણે ખાધું.
હું જોઉં છું	મેં જોયું.	તે જુએ છે	તેણે જોયું.
હું ઉંઘુ છું	હું ઉંઘ્યો.	તે ઉંઘે છે	તે ઉંઘ્યો.

(૨૫) તારા.

જ્યારે સૂર્ય અસ્ત પામે છે ત્યારે રાત્રે ચકચકીત તારા પ્રકાશે છે. તે એટલા બધા છે કે આપણે તેને ગણી શકતા નથી. તેઓ ઉઘડતાને બંધ થતા દેખાય છે ને તેથી આપણે કહીએ છીએ કે તેઓ ચમકે છે.

તે આકાશમાં હીરા જેવા દેખાય છે. દીવસના વખતમાં આપણે સૂર્યના ચકચકીત અજવાળાને લીધે તેને જોઇ શકતા નથી.

નાના તારા, તમે ઝળકો. તમે કેવા છો તેથી હું કેવો અચંબો પામું છું! દુનીઆમાં છેક ઉંચે આકાશમાં તમે હીરા જેવા છો.

જ્યારે ચળકતો સૂર્ય આથમે છે, જ્યારે ઝાકળથી ઘાસ ભીનું થાય છે. ત્યારે તમે તમારૂં થોડું અજવાળું બતાવો છો. આખી રાત પલક પલક કર.

(૨૬) જમણ (ભોજન).

અહીં ત્રણ માણસો પોતાનું ભોજન લે છે. દીવસના પહેલા ખાણાને આપણે નાસ્તો કહીએ છીએ. હમણાં એક વાગ્યો છે. આ ત્રણ માણસોએ આખી સવારથી સખત મહેનત કરી છે. તેઓને ઘરથી નીકળતાં પહેલાં પીવાને થોડી કાફી ને ખાવાને ચોખાની રોટલી મળી હતી. તે તેમનો નાસ્તો હતો. પણ તે વખતે આઠ વાગ્યા હતા. પાંચ કલાક સુધી તેઓને કાંઈ ખોરાક મળ્યો નથી અને તેઓ હમણાં ભુખ્યા ને તરસ્યા છે. તેથી સુંદર વાડીમાં કેટલાંક ફુલનાં કુંડાં જ્યાં કોઈ તેમને જોઈ શકે નહિ તેની પછવાડે તેઓ પોતાનું ભોજન લે છે. દરેક

માણસની આગળ થાળી છે. તે થાળીમાં થોડા સુંદર ધોળા રાંધેલા ચોખા છે. દરેક થાળીની લગોલગ કઢી ને ચટણીથી ભરેલી નાની પહોળી રકાબી તમે જુઓ છો. કઢી ઘણી ઉની છે. તેમાં મરચાં ને મરી છે. એક માણસ હમણાં થોડું પાણી પીએ છે. વચલો માણસ પોતાને હાથે મુઠો ભરીને ચોખા લે છે. ત્રીજો માણસ પોતાના હાથ ઉપર એક નાનાં વાસણમાંથી થોડું પાણી રેડે છે. તે ખાય તે પહેલાં તે વડે તે પોતાના હાથ ધોશે. મરચાં વાડીમાં ઉગે છે. તે ઘણાં ગરમ હોય છે. કેટલાંક લાંબા, કેટલાંક ગોળ, કેટલાંક લીલા ને કેટલાંક રાતા હોય છે. જે ખાણું આપણે રાત્રે ખાઇએ છીએ તે વાળુ કહેવાય છે. આજ રાત્રે આઠ વાગે આ માણસોને પોતાના વાળુમાં થોડી વધારે કઢી ને ચોખા મળશે. તેઓ તે ઘેર ખાશે. પછી તેઓ સુશે ને ઉંઘી જશે. જેઓ દીવસે સખત મહેનત કરે છે તેઓ રાત્રે સારી રીતે ઉંઘે છે. આળસુ માણસો ઉંઘી શકતા નથી. જો તમારે સારી રીતે ઉંઘવું હોય તો તમારે સખત મહેનત કરવી જોઇએ.

આપણે સવારમાં નાસ્તો કરીએ છીએ. દીવસે ભોજન લઇએ છીએ, રાત્રે વાળુ કરીએ છીએ.

(૨૭) તોફાની છોકરો.

આ નાની છોકરી આજ સવારે પોતાની માને માટે થોડું પાણી લાવવાને કુવે ગઈ હતી. તેનો ભાઇ તેને મદદ કરવાને તેની સાથે ગયો હતો. પણ તે છોકરાએ શું કર્યું ? જ્યારે તે પોતાની બહેનની પછવાડે ચાલતો હતો ત્યારે તેણે ધકકો માર્યો. વાસણ નીચે પડયું ને પાણી ઢોળાઇ ગયું. પછી તેની બિચારી નાની બહેન જે રડવા મંડી તેની તરફ તે હસતો ઉભો રહ્યો. તે છોકરીને ધાસ્તી લાગી કે હું વખતસર પાછી જઈ શકીશ નહિ.

આપણે આપણા ભાઇઓ ને બહેનો તરફ માયાળુ થવું જોઇએ. આપણે તેને ખીજવવાં ન જોઇએ. આપણે તેને રાજી રાખવાને પ્રયત્ન કરવો જોઇએ. તેમને મદદ કરવાને આપણે હંમેશાં તૈયાર રહેવું જોઇએ. અને આપણે દરેક તરફ વિવેકથી વર્તવું જોઇએ. જ્યારે આપણે કાંઈ ચીજ માંગીએ ત્યારે આપણે 'આ મને આપ' એમ કહેવું ન જોઇએ,

પણ 'જો તમારી મરજી હોય તો' અથવા 'મને મહેરબાની કરીને આ આપો' અને જ્યારે આપણે કાંઇ ન જોઇતું હોય ત્યારે આપણે કહેવું જોઇએ કે, 'ના, આપનો આભાર માનું છું'. હંમેશાં જ્યારે આપણે કોઇ ગૃહસ્થ માણસ સાથે બોલતા હોઇએ ત્યારે 'સાહેબ' અને જ્યારે આપણે કોઈ બાનુ સાથે બોલતા હોઇએ ત્યારે 'બાઈ સાહેબ' કહેવું જોઇએ.

જ્યારે તમે સવારમાં તમારા બાપા, મા, બહેન કે ભાઇને મળો ત્યારે 'સવારની સલામ' કહેજો. અને જ્યારે તમે રાત્રે સુવા જાઓ ત્યારે તેમને 'રાતની સલામ' કહેજો. જ્યારે તમે દોસ્તદારથી છુટા પડો ત્યારે 'સાહેબજી' કહેજો.

નિશાળમાં જ્યારે તમે તમારા મહેતાજીને મળો ત્યારે 'સાહેબ, સવારની સલામ' એમ કહો. ને જ્યારે નિશાળેથી છુટ્ટી મળે ત્યારે 'સાહેબ, સાંજની સલામ' એમ કહો

સભ્ય થાઓ.

મારા નાના છોકરાઓ એ 'હું કરીશ' અથવા 'આ મને આપો' એમ કદી કહેવું ન જોઇએ. ના ! એ બિલકુલ સારી રીત નથી. માને કહો, 'જો તમારી મરજી હોય તો' દરેક જણને 'જો તમારી મરજી હોય તો,' એમ કહો. ને ગૃહસ્થ માણસને 'હા, સાહેબ,' ને બાનુને 'હા, બાઈ સાહેબ,' એમ કહો.

(૨૮) ખેતરોમાં ફરવું.

રામુ એક છોકરો હતો જે પોતાની આખી જીંદગી સુધી ગામડામાં રહ્યો હતો. તે શહેર વિષે કંઇ જાણતો નહોતો. તે તમને પોતાના ગામના કોઈ પક્ષી, પશુ કે ઝાડનું નામ કહી શકતો. તે બાર વરસનો હતો તે ચાલાક છોકરો હતો.

તેને રંગુ નામનો પિત્રાઈ ભાઇ હતો જે નવ વરસનો હતો. રંગુ હંમેશાં શહેરમાં રહેતો હતો. તે ગામડા વિષે કાંઈ જાણતો નહોતો. તે પક્ષી ને પશુ વિષે ઘણું થોડું જાણતો હતો. એક વખત તે માંદો પડયો ને પાતળો ને નબળો થઈ ગયો. તેના બાપે ગામડામાં તેના પિત્રાઈ ભાઈ રામુ સાથે રહેવાને મોકલ્યો. તેણે કહ્યું, ગામડાની હવા સારી હોય છે. તેથી રંગુને ફાયદો થશે.

પહેલાં રંગુ ઘરમાં રહેતો હતો. પણ તે થોડીવારમાં મજબૂત ને તંદુરસ્ત થયો. એક સવારે બે છોકરા ગામડામાં ફરવાને ગયા.

રામુ—રંગુ, આજનો દિવસ સારો છે. હમણાં છ વાગ્યા છે. મારી સાથે બહાર ફરવા ચાલ. તેથી તને ફાયદો થશે. શહેરમાં જે ચીજો તું જોતો નથી તેવી ઘણી ચીજો તું જોશે. તારી ટોપી ને જોડા પહેર.

રંગુ—અરે રામુ, હું તારો આભાર માનું છું. હું તદ્દન તૈયાર થઇને આ રહ્યો આપણે કયાં જઇશું?

રામુ—હું તને સડકે લઇ જઇશ. પછી આપણે ખેતરોમાં થઇને તળાવપર જશું. પછી આપણે પાછા આવીશું. એટલામાં એક કલાક થઇ જશે. પછી તડકો પડશે, હમણાં તદ્દન ઠંડી છે. સૂર્ય ઉગ્યો નથી.

રંગુ—પેલું કેવું મોટું સુંદર ઝાડ છે! રામુ તે શું છે?

રામુ—તે આંબાનું ઝાડ છે.

રંગુ—હું તેનાપર એક પણ કેરી જોતો નથી.

રામુ—ના. આ કેરીની મોસમ નથી. આપણને તે જુન કે જુલાઈ સુધી મળશે નહિ.

રંગુ—અરે રામુ! પેલું બેડોળ કાળું પક્ષી બાજુપરથી ઉડે છે તે શું છે?

રામુ—તે પક્ષી નથી. તે ચામાચેણુ છે. તે પાંખવાળા ઉંદર જેવું દેખાય છે. તે ઘુવડની માફક આખો દીવસ ઉંઘે છે અને રાત્રે આમ તેમ ઉડે છે. તે ચામાચેણુ કોઇ ઝાડ કે જુની દીવાલમાંના તેના દર તરફ ઘેર ઉડતું જાય છે. પણ તું કેમ અટકી જાય છે?

રંગુ—હું ઝાડમાં કાંઈ જોઉં છું ત્યાં જો! હું ધારૂં છું કે તે વાંદરો હોવો જોઇએ. મેં એક વખત વાંદરો જોયો હતો, પણ તે આના જેવો નહોતો.

રામુ—હા! હવે હું તેને જોઈ શકું છું. તે તેના ડાબા હાથથી એક ડાળીને પકડી રહ્યો છે. પોતાની પીઠપર હવામાં તેણે પોતાની પુંછડી ધરી છે. તે આપણી તરફ જુએ છે. હા, તે હનુમાન જાતનો વાંદરો છે. આ ખેતરોમાં ઝાડો ઉપર ઘણા વાંદરા છે.

રંગુ—હું પૈડાંનો અવાજ સાંભળી શકું છું. અહીંઆ ગાડી આવે છે.

રામુ—હા, રસ્તાની એક બાજુએ ચાલો આપણે જઇએ. મેં અગાઉ આવી સુંદર મોટી ગાડી કદી જોઇ નથી. તે કોણ હોઈ શકે?

રંગુ—રામુ, હું તને તે કહી શકીશ. એ રાજાસાહેબ છે. તે અમારા શહેરમાં રહે છે. હું તેને વારંવાર તેની ગાડીમાં જોઉં છું. તે અહીં કોઈ મોટા માણસને મળવા આવ્યા છે. તે સવારમાં ફરવા નીકળ્યા છે. તે ઘણા પૈસાદાર છે, ને તે ઘણા મોટા ઘરમાં રહે છે.

રામુ—વારૂ, ચાલો આપણે રસ્તો છોડીને જઇએ. ચાલો આપણે ખેતર ઓળંગીને જઇએ. ત્યાં તળાવ છે. તું તે જોઈ શકે છે.

રંગુ—ઝાડપર પેલું સુંદર મોટું પક્ષી કયું છે? મેં અગાઉ આવું સુંદર પક્ષી કદી જોયું નથી.

રામુ—હા, રંગુ. તે ખુબસુરત પક્ષી છે. એ મોર છે. આપણે તેને પક્ષીની રાણી કહીએ છીએ. તેની તદ્દન લીલી ને સોના જેવી પુંછડી જુઓ. તે આપણા ઘરની પાસે ઝાડપર વારંવાર બેસે છે. આપણે તેને દાણા ખવાડીએ છીએ. એ ઘણું પળાય એવું છે. તે નીચે ઉડીને દાણા ખાય છે.

રંગુ—મેં મોર વિષે ઘણીવાર સાંભળ્યું છે, પણ મેં અગાઉ એક પણ જોયો નહોતો. અરે! શું થયું? તું મને પાછો કેમ ખેંચે છે.

રામુ—રંગુ! રંગુ! પાછો આવ! જલદી કર! જલદી કર! તારી પાસ પેલો સાપ તું જોતો નથી? પાછો ચાલ! પાછો ચાલ!

રંગુ—હા! હા! તે કેવો ફુંફાડા મારે છે! મેં લગભગ તેના પર પગ મુકયો હતો. તે કેવો ગુસ્સે દેખાય છે! તેણે પોતાનું માથું કેવું ઉંચું રાખ્યું છે!

રામુ—એ ઝેરી સાપ ઘણો મોટો નાગ છે! જો તે તને કરડયો હોત તો તું મરી ગયો હોત. કોઇ પણ ઉપાયથી બચત નહીં. તે મોટા સાપનો રાજા છે. તેનાથી બહુ દૂર રહેજે. તે આ ખેતરમાં એક દરમાં રહે છે. દરેક જણ તેનાથી બીએ છે.

રંગુ—તેં મને પાછો ખેંચ્યો તેથી હું રાજી થયો. હવે આપણે બીજા ખેતરમાં સહીસલામત છીએ. સાપના રાજા, (તને) સલામ (છે).

હું તને ફરીથી જોવા ઇચ્છતો નથી.

રામુ—રંગુ, પેલું સુંદર નાનું પ્રાણી ક્યું છે તે તું જાણે છે? તે દોડી જાય તે પહેલાં તેને જો. આપણે તેને જોતા નથી એમ તે ધારે છે. તેજ કારણથી તે આટલું શાંત બેસી રહ્યું છે.

રંગુ—ના, મેં તેને અગાઉ કદી જોયું નહોતું.

રામુ—તે સસલું છે. તે ખેતરોમાં રહે છે. તે ઘણી ઝડપથી દોડે છે. તેને કેવા મોટા કાન છે! તમે તેને કદી પકડી શકશો નહિ. કુતરા તેને પકડવાને પ્રયત્ન કરે છે પણ તે કદી પકડી શકતા નથી. તે હદપાર ઝડપથી દોડે છે.

રંગુ—રામુ, ખેતરમાં ચાલતો આ માણસ કોણ છે?

રામુ—તે ખેડુત નસુ છે. તે ખેતર ખેડવા જાય છે. તે પોતાની સાથે પોતાના બે બળદ લઈ જાય છે. તે સવારમાં ઘણો વહેલો પોતાને કામે જાય છે.

રંગુ—રામુ. ચાલો આપણે પાછા જઇએ. પણ મહેરબાની કરીને સાપના રાજા પાસે જતા નહિ!

રામુ—અરે નહિ! હું તને પાછો બીજે રસ્તે લઇ જઇશ. આપણે ઘણે દૂર ફરવા આવ્યા છીએ.

રંગુ—અરે રામુ, ઝાડ નીચે ઉભું રહેલું પેલું મોટું પશુ કયું છે? આપણે દોડી જઇશું?

રામુ—ના, ના, તે માત્ર હાથી છે. તે ઘણો મોટો છે ને તે ઘણો જોરાવર છે. પણ તે તદ્દન પાળી શકાય એવો છે. તે આપણને ઇજા કરશે નહિ.

રંગુ—તેના મ્હોં આગળ નીચે લટકતી લાંબી વસ્તુ શું છે?

રામુ—તે તેનું નાક છે. આપણે તેને સુંઢ કહીએ છીએ.

રંગુ—મેં આવું લાંબુ નાક અગાઉ કદી જોયું નહોતું!

રામુ—તે લાંબા હાથ જેવું પણ છે. હાથી એ વડે કોઇ પણ વસ્તુ ઉંચકી શકે છે. તે વડે એ પોતે ખાય છે ને તે વડે એ પાણી પીએ છે. આપણે કાલે સવારે ફરીથી ફરવા આવશું. હું મારી સાથે કેટલાંક કેળાં લાવીશ. આપણે તે તેને ખાવા આપશું. ચાલો હવે આપણે ઘેર જઇએ.

(૨૯) સૂર્ય ને ચંદ્રમા.

સૂર્ય ને ચંદ્રને દડાના જેવા આકાર છે. સૂર્ય અગ્નિનો મોટો દડો છે. જો સૂર્ય નહોત તો સઘળી ચીજો અંધારાવાળી ને ઠંડી હોત. કોઈ પણ છોડ ઉગી શકતા નહિ ને બધી વસ્તુ મરી જાત સૂર્યને ચંદ્ર આપણાથી ઘણે દૂર છે, તેથી તેઓ નાના દેખાય છે.

જ્યારે આપણે વિશાળ મેદાનમાં ઉભા રહીએ ત્યારે જે મોટા ઝાડ આપણાથી દૂર છે તે નાના છોડવા જેવા દેખાય છે. પણ જ્યારે આપણે તેની પાસે જઇએ ત્યારે તે જેવાં મોટાં હોય છે તેવા મોટાં જોઇએ છીએ.

આપણે સૂર્ય ને ચંદ્ર પાસે જઈ શકતા નથી, ને તેથી તેઓ કેટલા મોટા છે તે આપણે જોઈ શકતા નથી.

ચંદ્રમા રાત્રે પ્રકાશે છે. તેનો પ્રકાશ ઠંડો હોય છે, ને સૂર્યના પ્રકાશ જેટલો ચકચકિત નથી.

ચંદ્રને પોતાનો પ્રકાશ નથી; તેને પોતાનો પ્રકાશ સૂર્ય પાસેથી મળે છે.

સૂર્યને ચંદ્ર આપણાથી ઘણે દૂર છે ને તેથી તેઓ નાના દેખાય છે. ચંદ્રને પોતાનો પ્રકાશ નથી. તેને પોતાનો પ્રકાશ પોતાના સૂર્ય પાસેથી મળે છે.

(૩૦) છોકરો.

સારો છોકરો હમેશાં સાચું કહેશે. ડાહ્યો છોકરો પોતાના પાઠ સારી રીતે કરે છે. બહાદુર છોકરો જુઠું બોલશે નહિ. મજબુત છોકરો નબળાંને મદદ કરવાને પ્રયત્ન કરશે.

હેતાળ છોકરો પોતાની માનું કહ્યું માને છે. દયાળુ છોકરો પોતાના નાના ભાઇને મદદ કરે છે. જે છોકરો સારો માણસ થવા ઇચ્છે તે એકદમ શરૂ કરશે ને તેનાથી બનશે તેટલું સઘળું કરશે.

રંગો.

ઘાસ લીલું હોય છે ને આકાશ વાદળી હોય છે,
લીલા ઘાસ પર આછી ઝાકળ પડે છે,
સોનું પીળું છે ને રૂપું ધોળું છે,
લોઢું ભારે છે ને પીછાં હલકાં છે,
માણેક રાતાં છે ને હીરા ચકચકીત છે.

તાંબુ તપખીરીઆ રંગનું છે, ને પોલાદ ભુરૂં છે.

પ્રભાત થતી વખતે વાંદળાં ભુરાં હોય છે.

(૩૧) ફુલો અને પાંદડાં.

આ ફુલોને પાંદડાંનો ઝુમખો છે. તે ઝુમખામાં કેટલીક કળી પણ છે. તે કેવી સુંદર દેખાય છે! આ ગુલાબનાં ફુલ છે, ગુલાબ ફુલોની રાણી કહેવાય છે. ગુલાબની વાસ મીઠી આવે છે. રાતા ગુલાબ, પીળાં ગુલાબ ને ધોળાં ગુલાબ હોય છે. આ ગુલાબ ધોળાં છે.

તમે ચિત્રમાં બે કળી જોઈ શકો છો. કળી મોટી ને મોટી થતી જશે. પછી તે ખીલશે ને ફુલ બહાર આવશે. દરેક કળીમાં નાનું ફુલ હોય છે.

ફુલ ને પાંદડાં ઝાડ પર ઉગે છે. પાંદડાં પહેલાં લીલાં હોય છે, પછી તે સુકાવા માંડે છે ને ભુખરા ને પીળાં થાય છે ને જમીન પર પડે છે. કેટલાક પાંદડાં પર તમે ઝાકળનાં ટીપાં જોઈ શકો છો.

(૩૨) નાના છોકરાની રાતની સલામ.

સૂર્ય હવે વધારે વખત પોતાનો પ્રકાશ આપતો નથી. તારાઓ ડોકીયાં કરવાં માંડે છે. એ સઘળાને રાતની સલામ કહેવાનો વખત થયો છે. સઘળાં પક્ષી સુઈ ગયાં છે.

નાનાં વહાલાં પક્ષીઓ તમને રાતની સલામ!
સવારનું અજવાળું થાય ત્યાં સુધી સારી રીતે ઉંઘો.

મને ખાત્રી છે કે જો તમે શબ્દમાં ગાઈ શકતા હોત તો તમે રાતની સલામ કહી હોત.

મારાં સુંદર ફુલો, તમને રાતની સલામ! તમે ઉંઘી શકતાં નથી! ને તમે સઘળા તારાઓ જેઓ આટલા બધા ચળકાટથી પ્રકાશો છો. તેઓ (તમે) આખી રાત જાગતા રહો છો!

મારાં વહાલાં માબાપ, તમને રાતની સલામ!
હવે તમે તમારા નાના છોકરાને ચુમી લ્યો.
મારા દૂરના ને પાસેના મિત્રો, તમને રાતની સલામ!
દરેક જણને રાતની સલામ.

સમાપ્ત.

નોટીસ

આથી સર્વેને ખબર આપવામાં આવે છે કે નીચે લખેલી ચોપડીઓ સુરત નાણાવટ મધ્યે મી. કરસનદાસ નારણદાસ બુકસેલરની દુકાનેથી મળશે.

મેકમીલન ન્યુ રીડર્સ પ્રાઈમર ભાગ બીજાના મીનીંગ (તરજુમા સહીત)		૦-૬-
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૧લાના	,,	....૦-૮-
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૨ ના	,,	....૦-૧૧-૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૩ ના	,,	....૦-૧૩-૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૪ ના	,,	....૧-૦-૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૫ ના	,,	....૧-૪-૦
સંસ્કૃત પ્રીમરની ગાઇડ ...	....	....૦-૧૨-૦
નળાખ્યાન સટી૦ મોદીકૃત	....	....૧-૨-૦
ધી મીડલ સ્કુલ એરિથમેટીક....	....	...૧-૦-૦
નેલસન રીડર્સ પ્રાઈમરના મીનીંગ (તરજુમા સહીત)..		૦-૬-૦
નેલસન રીડર્સ નં. ૧ના	....	....૦-૧૦-૦
,, ,, ૨ના	....	....૦-૧૩-૦
,, ,, ૩જા	....	....૧-૪-૦
,, ,, ૪થા	....	....૧-૪-૦
,, ,, ૫મા	....	....૧-૪-૦

એ શિવાય બીજી ઘણી શાળાપયોગી ચોપડીઓ મળશે. જથાબંધ લેનારને સારૂ કમીશન આપવામાં આવશે

Published by-Balubhai Karsandas Narandas
Book-seller, Nanavat—SURAT.
Printed by-Narayanrao Laxmanrao Nikum at the
SHANKER P. PRESS, Chawta Bridge-SURAT.